પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક
વેબસાઇટ : www.rbi.org.in

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

તારીખ: 18 સપ્ટેમ્બર 2018

**નેશનલ અર્બન કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, બહરાઈચ-દંડ લગાવવામાં આવ્યો**

ભારતીય રિઝર્વ બેંકે, બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (એ એ સી એસ) ની, કલમ 46 (4) સાથે વંચાણમાં લેતાં, કલમ 47 A (1) (c) ની જોગવાઈઓ અંતર્ગત તેને મળેલી સત્તા નો ઉપયોગ કરી નેશનલ અર્બન કો-ઓપરેટીવ બેંક લિમિટેડ,બહરાઈચ પર ઉક્ત એક્ટની કલમ 27માં નિર્દિષ્ટ રીટર્નસ સતત પ્રસ્તુત નહી કરવા બદલ ₹ 2,00,000 (રૂપિયા બે લાખ) નો નાણાંકીય દંડ લગાવેલ છે.

ભારતીય રિઝર્વ બેંકે ઉક્ત બેન્કને કારણદર્શી નોટીસ આપેલી હતી, જેના જવાબમાં બેંકે તેનો પ્રત્યુત્તર પ્રસ્તુત કર્યો ન હતો. કેસ ના તથ્યો પર વિચારણા કરી, ભારતીય રિઝર્વ બેંક એવા તારણ પર આવી કે ઉપરોક્ત ઉલ્લંઘન પ્રમાણભૂત હતું અને દંડ લગાવવો જરૂરી હતો.

**અજીત પ્રસાદ**
સહાયક સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2018-2019/646**